<u>ખાનગી</u>

લાંચ રૂશ્વતના કેસમાં સંડોવાયેલ પોલીસ અધિકારી/કર્મચારીઓના ફરજમોકુફીના કેસોની સમીક્ષા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ફમક/૧૦૨૦૦૩/૨૦૪૯/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. 12 NOV 2024

<u>વંચાણે લીધા:</u>

(૧) ગૃહ વિભાગનો તા. ૧૩/૦૯/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક: ફમક/૧૦૨૦૦૩/૨૦૪૯/ગ

<u>આમુખ</u>

ગૃહ વિભાગના તા.૧૩/૦૯/૨૦૦૪ના સામાનાંકી ઠરાવથી ફરજ મોકુફી હેઠળના પોલીસ ઈન્સ્પેકટરો અને તેથી ઉતરતા દરજ્જાના પોલીસ અધિકારી/કર્મચારીઓના ફરજમોકુફીના કેસોની સમયાંતરે સમીક્ષા કરવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે લાંચ રૂશ્વતના કેસોમાં સંડોવાયેલ પોલીસ અધિકારી/કર્મચારીઓના ફરજ મોકુફીના કેસોની સમીક્ષા કરવા અંગે તા.૧૩/૦૯/૨૦૦૪ના સામાનાંકી ઠરાવના પેરા નં.૩ થી "આવા કેસોમાં બે વર્ષ બાદ જ પુન: સ્થાપિત કરવા વિચારણા કરવાની" કરેલ જોગવાઈમાં પુન: વિચારણા કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ હતી. આથી, સરકારશ્રી કક્ષાએથી કાળજીપુર્વકની પુખ્ત વિચારણાને અંતે આવા ફરજમોકુફીના કેસોની સમીક્ષા કરવા બાબતમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u>

પોલીસ તપાસના જે કેસોમાં સબંધિત અધિકારી/કર્મચારી સામે લાંચ રુશ્વત નિવારણ અધિનિયમ-૧૯૮૮ હેઠળ પ્રોસીક્યુશન શરુ થઈ ગયેલ હોય/ચાલુ હોય એટલે કે અદાલતમાં પોલીસ ખાતાએ તહોમતનામું મુકી દીધેલ હોય તેવા કિસ્સામા આવા અધિકારી/કર્મચારીને ફોજદારી ગુના સબબ ફરજમોકુફી હેઠળ મુકયાના એક વર્ષ બાદ જ પુનઃ સ્થાપિત કરવા વિચારણા કરવાની રહેશે તથા આવા પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરજ પર પુન: સ્થાપિત કરતી વખતે બિનસંવેદનશીલ જગ્યાએ નિમણુક આપવાની શરતે પુન: ફરજ પર લેવાના રહેશે.

ગૃહ વિભાગના તા.૧૩/૦૯/૨૦૦૪ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

ઉક્ત સુચનાનો કડક અમલ કરવા તમામ શિસ્ત અધિકારીઓને આથી જણાવવામાં આવે છે. આ સૂચનાઓના અમલમાં ક્ષતિ કે ચૂક ને ગંભીર ગણી જવાબદાર સામે પગલા લેવાની સરકારશ્રીને ફરજ પડશે તેની નોંધ લેવા માટે પણ આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
ઉપસચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ.સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે રેન્જ ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રી, /નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ/ સેનાપતિશ્રીઓ/ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ.
- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાની કચેરીઓ.
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ.
- શાખા સીલેકટ ફાઈલ.